ચરોતર તમાકુ વેપારી એસોસિયેશનની જોગણ ખાતે કારોબારી બેઠક યોજાઇ

ચરોતરમાં જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠક સામે આરપારની લડતના એંધાણ

તમાકુને 'Sin Goods'માંથી હટાવવા આરપારની રણનીતિ ઘડાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

ચરોતર તમાકુ વેપારી એસોસિએશનની કારોબારી બેઠક જોગણ ખાતે યોજાઈ હતી, જેમાં ૧૫થી વધુ કારોબારી સભ્યોની હાજરીમાં તમાકુ ક્ષેત્રના પડકારો અંગે ગંભીર મંથન કરવામાં આવ્યું હતું. જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠકમાં તમાકુને 'Sin Goods' (પાપકારી વસ્તુઓ)ની શ્રેણીમાંથી હટાવાય છે કે નહીં ?



તેના પર એસોસિએશનની નજર છે અને જો તેને મુક્ત નહીં કરાય તો આગળની જલદ રણનીતિ ઘડવાની તૈયારી દર્શાવી છે.

આણંદ - ખેડા જિલ્લામાં ચાલુ વર્ષે તમાકુના પાકને વરસાદ અને કમોસમી માવઠાના કારણે ક્વોલિટીમાં બગાડ અને વ્યાપક આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. આમ છતાં, એસોસિએશનની ખાસ અપીલને ધ્યાને રાખીને વેપારી મંડળોએ ખેડૂતોને મહત્તમ પોષણક્ષમ દરો આપીને તમાકુની ખરીદી હાથ ધરી ખેડૂતોને આર્થિક રાહત આપી છે. સપ્ટેમ્બર મહિનાના અંતિમ સપ્તાહ સુધીની સ્થિતિ મુજબ સમગ્ર વિસ્તારનો ૭૦ ટકા પાક વેચાઈ ચૂક્યો છે.

સમગ્ર ચરોતર પંથકમાં માત્ર ૨૫ ટકા રોપણી પૂર્ણ થઈ હોવાના અંદાજો સામે આવ્યા છે. આ ગણતરી ખેડા જિલ્લો, મહીસાગર તેમજ વડોદરા જિલ્લાના તમાકુ પકવતા તાલુકાઓના સરેરાશ આંકડાકીય અંદાજો પરથી મેળવવામાં આવી છે. જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠકમાં તમાકુને 'Sin Goods' માંથી હટાવાય છે કે કેમ ? તે અંગે એસોસિએશન દ્વારા ગંભીર ચર્ચા-વિચારણા હાથ ધરાઈ હતી. જો તમાકુને આ યાદીમાંથી હટાવવામાં નહીં આવે, તો આગળની આક્રમક રણનીતિ શું રાખવી ? તે અંગે એસોસિએશન દ્વારા આકરું વલણ અપનાવવામાં આવશે.

વેપારીઓ અને ખેડૂતોનો સંયુક્ત મોરચો

વેપારમાં રહેલી ત્રુટિઓ અને વિસંગતતાઓને દૂર કરવા માટે સમગ્ર ગુજરાતના વેપારીઓ અને ખેડૂતો સાથે મળીને આગામી આયોજન કરશે. આ માટે આગામી સામાન્ય સભાના આયોજન અંગે ચર્ચા કરાઈ હતી, જેમાં સમસ્ત ગુજરાતના વેપારીઓ અને ખેડૂત મંડળ સમિતિના સભ્યો મોટી સંખ્યામાં જોડાય તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આણંદ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા ક્રિકેટ ટીમ માટે પસંદ કરાશે

આણંદમાં અન્ડર-૧૬, ૧૯ અને ૨૩ માટે ટ્રાયલ કેમ્પ યોજાશે

લાલ બહાદુર શાસ્ત્રી મેદાન પર 3 અને 4 ઓક્ટોબરે સિલેક્શન યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન દ્વારા અન્ડર-16, અન્ડર-19 અને અન્ડર-23 કેટેગરીના ખેલાડીઓ માટે બે-દિવસીય સિલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પસંદગી પ્રક્રિયા આગામી 3 અને 4 ઓક્ટોબર, 2026ના રોજ આણંદના લાલ બહાદુર શાસ્ત્રી મેદાન ખાતે યોજાશે.

આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન દ્વારા અન્ડર-23 સિલેક્શન માટે 3જી ઓક્ટોબર, 2026ના રોજ સવારે 7:30 કલાકે યોજાશે. આ માટે 1લી સપ્ટેમ્બર, 2004થી 31મી ઓગસ્ટ, 2008 વચ્ચે જન્મેલા ખેલાડીઓ પાત્ર રહેશે. આ ઉપરાંત અન્ડર-16 અને અન્ડર-19 સિલેક્શન માટે ચોથી ઓક્ટોબરના રોજ સવારે 7:30 કલાકે યોજાશે. જેમાં અન્ડર-16 માટે જન્મ તારીખ 1લી સપ્ટેમ્બર, 2011થી 31 ઓગસ્ટ, 2013 વચ્ચે અને અન્ડર-19 માટે 1લી સપ્ટેમ્બર, 2008થી 31મી ઓગસ્ટ, 2011 વચ્ચે હોવી ફરજિયાત છે.

આ સિલેક્શન કેમ્પમાં ભાગ લેવા આવનારા દરેક ખેલાડીએ પોતાની સફેદ ક્રિકેટ કિટ, વ્હાઈટ ડ્રેસ, આધાર કાર્ડ તથા જન્મનું પ્રમાણપત્ર સાથે સવારે 7:30 કલાકે લાલ બહાદુર શાસ્ત્રી મેદાન પર પહોંચવાનું રહેશે. વધુમાં આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના પ્રમુખ વિજયભાઈ પટેલ અને સેક્રેટરી શ્વેતલભાઈ અરવિંદભાઈ પટેલે સ્પષ્ટ કર્યું છે કે, સિલેક્શન કમિટીનો નિર્ણય આખરી ગણાશે અને પસંદગી પામેલા ખેલાડીઓને આગળનું વિશેષ કોચિંગ તથા તાલીમ આપવામાં આવશે. આ પસંદગી પ્રક્રિયા સમયે વાલીઓને ગ્રાઉન્ડની અંદર પ્રવેશ ન કરવા ને સહકાર આપવા અપીલ કરી છે.

બાલાસિનોરમાં ડમ્પિંગ સાઈટ સામે ૧૩૫ જેટલી ફરિયાદ થઈ

ડમ્પિંગ સાઇટની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૩૦

બાલાસિનોર તાલુકામાં ડમ્પિંગ સાઈટના મુદ્દે સ્થાનિક ખેડૂતો અને અરજદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાલુકા સ્વાગત દરમિયાન ડમ્પિંગ સાઈટના વિરોધમાં આશરે 135 જેટલી અરજીઓ રજૂ કરવામાં આવી હતી. આ મુદ્દે મોટી સંખ્યામાં અરજદારો બાલાસિનોર પ્રાંત કચેરી ખાતે પહોંચ્યા હતા અને તંત્ર સમક્ષ પોતાની મજબૂત રજૂઆતો કરી હતી.

અરજદારોના જણાવ્યા અનુસાર, ડમ્પિંગ સાઈટના કારણે ખેડૂતોને નુકસાન સહિતની વિવિધ ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેને પગલે તંત્ર દ્વારા ડમ્પિંગ સાઈટની યોગ્ય તપાસ કરાવવામાં આવે અને ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત, સ્થાનિક ખેડૂતો અને રહેવાસીઓના હિતમાં જરૂરી કાર્યવાહી કરી ડમ્પિંગ સાઈટના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા માટે તંત્રને રજૂઆત કરાઈ હતી. પ્રાંત કચેરી ખાતે મોટી સંખ્યામાં અરજદારો પહોંચતા આ ડમ્પિંગ સાઈટનો મુદ્દો ફરી એકવાર સમગ્ર વિસ્તારમાં ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. હવે તંત્ર દ્વારા રજૂ કરાયેલી 135 જેટલી અરજીઓ અંગે શું કાર્યવાહી કરવામાં આવે છે અને ખેડૂતોને વળતર આપવા બાબતે શું આખરી નિર્ણય લેવાય છે, તેના પર સૌની નજર ટકેલી છે.

મનપાની બેદરકારી | આશિષ બોર વિસ્તારમાં ગટર લાઈનના અભાવે મુખ્ય માર્ગ પર નદી વહી

નડિયાદ મનપાએ બોરનું પાણી રસ્તા પર છોડાતાં હજારો લિટર પાણીનો બગાડ

પીવાના પાણીની લાઈન સાફ કરવાના બહાને પાણી વેડફાયું, કાદવ-કીચડથી સ્થાનિકો પરેશાન

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં મહાનગરપાલિકાના વોટર સપ્લાય વિભાગ દ્વારા બોરનું ડહોળું પાણી શુદ્ધ કરવાના નામે સીધું જ જાહેર રસ્તા પર છોડી દેવામાં આવતાં હજારો લિટર પાણીનો વ્યય થયો છે. રસ્તા પર પાણી સાથે માટી અને કાદવ પ્રસરી જતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે અને રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે આક્રોશ વ્યાપ્યો છે.

નડિયાદ મનપા સંચાલિત આશિષ બોર વિસ્તારમાં ચોમાસા બાદ પીવાના પાણીમાં ડહોળાશ આવવાની અને માટી ખેંચાઈ આવવાની સમસ્યા સામે આવી હતી. ૧ થી ૨ સોસાયટીઓમાંથી ડહોળા પાણી અંગે ફરિયાદો મળતાં પાલિકાની ટીમે તપાસ હાથ ધરી હતી. પરંતુ, પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કર્યા વગર જ બોરનું ગંદુ પાણી સીધું જાહેર રસ્તા પર વહેવડાવી દેવામાં આવ્યું હતું.

આ વિસ્તારમાં આસપાસ કોઈ ગટર લાઈન ઉપલબ્ધ ન હોવાથી મુખ્ય માર્ગ પર નદી વહેતી હોય તેવાં દ્રશ્યો સર્જાયાં હતાં. લોકોના વેરાના નાણાંમાંથી ચાલતા તંત્ર દ્વારા આ રીતે પાણીનો બેફામ વેડફાટ કરી રસ્તાઓને નુકસાન પહોંચાડવામાં આવતાં નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

બપોર સુધીમાં સમસ્યા હલ થશે : ઇજનેર

આ સમગ્ર મામલે નડિયાદ મહાનગરપાલિકાના વોટર સપ્લાય વિભાગના ઈજનેર પરેશ ક્ષીરસાગરે જણાવ્યું હતું કે, ચોમાસા પછી જમીનના પાણીના તળ બદલાવાને કારણે બોરમાંથી માટી ખેંચાઈ આવવાની પ્રક્રિયા થાય છે. જો આ ડહોળું પાણી બહાર ન કાઢવામાં આવે તો પીવાના પાણીની લાઈનોમાં માટી ભરાઈ જવાની અને નાગરિકોની મુશ્કેલી વધવાની શક્યતા રહે છે. સવારે ૧૦ વાગ્યે પાણી અત્યંત ગંદુ હતું, જેમાં સાંજ સુધીમાં ૭૦ ટકા જેટલો સુધારો આવ્યો છે. બોર આસપાસનો વિસ્તાર ઊંચાણવાળો હોવાથી અને વરસાદી ગટર ન હોવાથી આ પાણીને ૫૦૦ ફૂટ દૂર આવેલી જય પ્રભુ વિસ્તારની કાંસમાં વાળવામાં આવી રહ્યું છે. આવતીકાલે બપોર સુધીમાં સ્થિતિ સંપૂર્ણપણે રાબેતા મુજબ થઈ જશે તેવી ખાતરી તેમણે આપી છે. નડિયાદમાં આવા ૫ થી ૭ બોર છે જ્યાં દર ચોમાસા પછી આ પ્રકારની હંગામી સમસ્યા સર્જાય છે.

મહેમદાવાદમાં પ્લાસ્ટિક વાપરતાં વેપારીઓને દંડ

ચીફ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સેનેટરી ટીમે હાથ ધરી સઘન ચેકિંગ ડ્રાઇવ

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.૩૦

મહેમદાવાદ શહેરને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના હેતુથી નગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ સામે વિશેષ ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ તપાસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ પાસેથી કુલ રૂ. ૪,૮૫૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

મહેમદાવાદ પાલિકાના ચીફ ઓફિસર ભાર્ગવ જે. ઠાકરના માર્ગદર્શન હેઠળ સેનેટરી વિભાગની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા વેપારીઓ સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી દંડ ફટકારવામાં આવ્યો હતો.

મહેમદાવાદ પાલિકાની ટીમે નાના-મોટા વેપારીઓ તથા ગલ્લાધારકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી પર્યાવરણને થતા નુકસાન અંગે માહિતગાર કર્યા હતા. સાથે જ પ્લાસ્ટિકના બદલે કાપડ કે કાગળની થેલી જેવા પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવા અપીલ કરી હતી. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શહેરને સ્વચ્છ રાખવા માટે આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી સતત ચાલુ રહેશે અને નિયમભંગ કરનારાઓ સામે દંડાત્મક પગલાં લેવાશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદની સંતરામ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલમહાકુંભ યોગાસન સ્પર્ધામાં ઝળક્યા

નડિયાદ | નડિયાદ સ્થિત શ્રી સંતરામ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે યોજાયેલ ખેલમહાકુંભ 2026 ની તાલુકા (ઝોન-3) કક્ષાની યોગાસન



સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. આ સ્પર્ધાના U-14 અને U-17 ભાઈઓ-બહેનોના વિભાગમાં હિયા પ્રજાપતિ, પરી પટેલ, તનય યાદવ તથા પારેખ યુગે પ્રથમ ક્રમાંક હાસિલ કરીને શાળાનું નામ રોશન કર્યું હતું. આ ઉપરાંત વિદિશા પટેલ, નિત્ય પટેલ અને નિર્મલ સરવૈયા દ્વિતીય તેમજ ખુશી બારોટ, ઝીલ મિસ્ત્રી, શૌર્ય ભટ્ટ અને માનૂલ પટેલ તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા. આ તમામ સફળ વિજેતા વિદ્યાર્થીઓને મહંત રામદાસજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા.

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધાનું આયોજન



આણંદ | વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ફૂટબોલ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને શિસ્ત, ટીમવર્ક તથા રમતદિલીનું મહત્વ સમજાવ્યું હતું. આ સ્પર્ધામાં આશરે ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો અને પોતાની ચપળતા તથા જુસ્સાથી રમતોને અત્યંત રોમાંચક બનાવી હતી. આ સ્પર્ધા કન્વીનર રણજિત ભગોરા, ડો. જેન્તી ચૌહાણ, કિરણ પટેલ તેમજ શારીરિક શિક્ષણ વિભાગના સ્ટાફે સ્પર્ધાને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદના રોકડીયા હનુમાનજી મંદિરે ૪૪મી અભ્યુદય સત્સંગ સભા ભવ્ય રીતે યોજાઈ

આણંદ | આણંદ સ્થિત શ્રી રોકડીયા હનુમાનજી મંદિરના ચોગાનમાં મહંત ભક્તવત્સલદાસજી સ્વામીના આયોજન હેઠળ 44મી સત્સંગ



સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંધ્યા આરતી બાદ શરૂ થયેલી આ સભામાં શ્રીજી સ્વામીના સંબોધન બાદ મહંત સ્વામીએ ગોપાલનંદ સ્વામીના જીવન પર કથાવાર્તા કરી શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. વડોદરાના યજમાન ચેતનભાઈ રમણિકભાઈ સોનીના સહયોગથી આયોજિત આ સભાનું સમગ્ર સંચાલન મંદિરના મુખ્ય ટ્રસ્ટી હરિકૃષ્ણ પટેલે કર્યું હતું. આ સભાના અંતે મંદિરના સ્વયંસેવકો તથા મહિલા ભક્તો દ્વારા તૈયાર કરાયેલ ભોજનપ્રસાદ ઉપસ્થિત તમામ ભક્તોને પીરસવામાં આવ્યો હતો.

વીરપુર બીઆરસી ભવન ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

વીરપુર | વીરપુર BRC ભવન ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત તાલુકા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે



પ્રદેશ ભાજપ મંત્રી મુક્તિબેન જોશી, તાલુકા પ્રમુખ પિંકીબેન પરમાર તથા જિલ્લા સદસ્ય સુશીલાબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વક્તૃત્વ સ્પર્ધામાં કસલાવટી શાળાની પટેલ યશ્વી પ્રથમ, મોતીપુરા શાળાની પગી જાગૃતિબેન દ્વિતીય અને અમૃતપુરા શાળાની ઠાકોર તુલસીબેન તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. જ્યારે ચિત્ર સ્પર્ધામાં કુંભારવાડી શાળાની પ્રજાપતિ હેતવી પ્રથમ, વઘાશ શાળાની ઠાકોર પિંકલબેન દ્વિતીય અને સાલૈયા શાળાની પરમાર અનુષિ તૃતીય સ્થાન મેળવતા તમામ વિજેતાઓને ઈનામ - પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીનીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. બોર્ડની પરીક્ષા બાદ સફળ કારકિર્દી ઘડતર માટે SPEC કોલેજના પ્રોફેસર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કન્યાઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ, સુપરવાઈઝર તરંગભેને વિદ્યાર્થીનીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

મહિસાગર જિલ્લાના સાકરીયા ખાતે 'આંગણ મિલન' કાર્યક્રમ યોજાયો

લુણાવાડા | 'વિકસિત ભારત જન સેવા અભિયાન' અંતર્ગત સાકરીયા આંગણવાડી કેન્દ્ર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારની અધ્યક્ષતામાં વિશેષ 'આંગણ મિલન' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આઈસીડીએસ અધિકારી અંબિકાબેન, સ્થાનિક સરપંચ, ગ્રામજનો, મોટી સંખ્યામાં માતાઓ તેમજ ભૂલકાંઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય ઉદ્બોધન આપતાં જિલ્લા પંચાયત પ્રમુખે જણાવ્યું કે, બાળકોના ઉત્કૃષ્ટ આરોગ્ય, યોગ્ય પોષણ, પાયાના શિક્ષણ અને સંસ્કારની મજબૂત શરૂઆત આંગણવાડીથી થાય છે.



આણંદ કૃષિ યુનિવર્સિટીની નાઇજીરિયાના જિગાવા રાજ્યના પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી

આણંદ | નાઇજીરિયાના જિગાવા રાજ્યના પશુપાલન વિકાસ મંત્રાલયના પ્રતિનિધિમંડળે NDDBના અધિકારીઓ સાથે આણંદ



કૃષિ યુનિવર્સિટીના વિભાગીય સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. નાયબ નિયામક બેલ્લો આબ્બા ઈબ્રાહીમ સહિતના અધિકારીઓ એ કેન્દ્રના 'અનુભવ બીજ' પ્રોસેસિંગ કેન્દ્રની મુલાકાત લઈ ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન, ગ્રેડિંગ અને પેકેજિંગ પ્રવૃત્તિઓમાં વિશેષ રસ દાખવ્યો હતો. પ્રતિનિધિમંડળે સંશોધન ફાર્મ ખાતે ડાંગર, મગ, અડદ અને મગફળી પાકોના બીજ ઉત્પાદન કાર્યક્રમો તેમજ ચાલુ સંશોધન પ્રયોગોનું નિરીક્ષણ કર્યું હતું.

મહીસાગરની થાણાસાવલી શાળામાં મારા અક્ષર-સુંદર અક્ષર સુલેખન સ્પર્ધા યોજાઈ

લુણાવાડા | મહીસાગર જિલ્લાની થાણાસાવલી પગારકેન્દ્ર શાળામાં



શિક્ષક નિરવકુમાર પંચાલના આયોજન હેઠળ "મારા અક્ષર - સુંદર અક્ષર" પ્રવૃત્તિ અંતર્ગત સુલેખન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાલવાટિકાથી ધોરણ-૮ ના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં બાળકોને અક્ષરોની સુંદરતા, યોગ્ય મરોડ, વિરામચિહ્નો અને વ્યાકરણ શુદ્ધતા અંગે સમજ આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં મેઘાબેન રાવળ (બાલવાટિકાથી ધો.૨), શીતલબેન પગી (ધો.૩થી ૫) અને ક્રિષ્નાબેન પટેલ (ધો.૬થી ૮) પોતપોતાના વિભાગમાં વિજેતા બન્યા હતા. તમામ વિજેતા બાળકોને શિક્ષક નિરવકુમાર પંચાલ દ્વારા સ્વ-ખર્ચે ઇનામો વિતરિત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કપડવંજમાં ડો. ધીરજ વણકર લિખિત લઘુકથા સંગ્રહ 'ખાલી હોતે ગાંવ'નું વિમોચન કરાયું

કપડવંજ | જીએલએસ કોલેજ ફોર ગર્લ્સના હિન્દી વિભાગાધ્યક્ષ ડો. ધીરજ વણકર લિખિત લઘુકથા સંગ્રહ 'ખાલી હોતે ગાંવ'નું હિંદી સપ્તાહના સમાપન સમારોહમાં વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું લોકાર્પણ આચાર્ય ડો. કવિતા જે. પટેલ, અતિથિ વિશેષ ડો. ગાયત્રીદેવી લાલવાની, ડો. અમિત પટેલ અને ડો. માલદે ઓડેદરાના હસ્તે યોજાયું હતું. આ સમાપન પ્રસંગે યોજાયેલ ક્વીઝ તેમજ નાટ્ય સ્પર્ધામાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અંતે સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરીને નવાજવામાં આવ્યા હતા.



કપડવંજમાં મોટી રત્નાકર માતાજીના સ્થાનકે યજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



કપડવંજ | મોટા રત્નાગિરી (રત્નાકર) માતાના સ્થાનકે દશા પોરવાડ જ્ઞાતિના મગનલાલ નરસિંહભાઈ શેઠ પરિવારના સૌજન્યથી શ્રીફળ હોમાત્મક યજ્ઞ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે કપડવંજના ભાવિક ભક્તજનો તથા જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દર્શન તથા હવનનો ધર્મલાભ લીધો હતો. પૂજા-અર્ચના બાદ ગાંધી ચોક સ્થિત પંચની વાડી ખાતે પ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો હતો અને સમાજના દાતા પરિવારોના અગ્રણીઓનું અભિવાદન કરાયું હતું. આ ઉત્સવના અંતે ભક્તો માટે રાસ-ગરબા, હાઉસી, વિવિધ રમતો અને ભેટ વિતરણ જેવા મનોરંજક અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા.

કપડવંજમાં સવાસો ગોળ પ્રજાપતિ સમાજના પ્રથમ પ્રમુખ તરીકે શાંતિલાલ પ્રજાપતિની વરણી કરાઇ

કપડવંજ | કપડવંજના ઘડિયા ખાતે વહાણવટી માતાના મંદિરમાં સવાસો ગોળ પ્રજાપતિ સમાજની એક વિશેષ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમાજહિત અને સર્વાંગી વિકાસ અર્થે પ્રથમ પ્રમુખ



તરીકે શાંતિલાલ પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમાજના ઉપપ્રમુખ તરીકે સંજય પ્રજાપતિ તથા ઈશ્વરલાલ પ્રજાપતિ અને મંત્રી તરીકે મહેશ પ્રજાપતિની નિમણૂક કરવામાં આવી હતી. આ ઉપરાંત સહમંત્રી તરીકે જીતેન્દ્ર પ્રજાપતિ, ખજાનચી તરીકે પુનમ પ્રજાપતિ અને શિક્ષણ કન્વીનર તરીકે અરવિંદ, બિપિન અને નિકુંજ પ્રજાપતિને જવાબદારી સોંપાઈ હતી.